# ફલડશાખાની પ્રોએકટીવ ડીસ્કલોઝર(PAD)ની માહિતી

## મુદા નં.૧:– વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો:–

- **જાહેર તંત્રનો ઉદ્દેશ :–**

(૧) ચોમાસા દરમ્યાનની આપત્તિ હળવી કરવી, અને તેનું જોખમ ઘટાડવું.
(૨) ચોમાસા દરમ્યાનની આપત્તિની તિવ્રતા અથવા અસરોને હળવી કરવી,
(૩) ચોમાસા દરમ્યાનની આપત્તિને પહોંચી વળવાની ક્ષમતા ઉભી કરવી,
(૪) તાકીદની તૈયારી કરવી.
(૫) ચોમાસા દરમ્યાનની આપત્તિની અસરોનો કયાસ કાઢવો,
(૬) તાકીદની રાહત અને વચગાળાની જોગવાઈઓ કરવી.
(૭) ચોમાસા દરમ્યાનની આપત્તિ ઘટના બાદ પુર્નવસન અને પુર્ન નિર્માણ પુરુ પાડવું.
(૮) ચોમાસા દરમ્યાનની કામગીરી નીચેની વિગતે છે.

- રાજયમાં ચોમાસાની ઋતુ દરમ્યાન અતિવૃષ્ટિ, સાયકલોન જેવી કુદરતી આપત્તિ દરમ્યાન પુવીપાય માટે ૨૪ કલાક કંટ્રોલ રુમો શરુ કરવામાં આવે છે.અને તાલુકા કક્ષાએ સતત સંપર્કમાં રહી જરુરી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.
- ચોમાસુ દરમ્યાન હવામાન ખાતા તરફથી વરસાદ અંગેની આગાહી બાબતનાં સંદેશા મળે કે તુર્ત જ તાલુકાનાં દરેક મામલતદારશ્રીઓને/ચીફ ઓફિસરશ્રીઓ/ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ/ લાયઝન ઓફિસરશ્રીઓને ટેલીફોન /પત્ર/વાયરલેસ દવારા જાણ કરવામાં આવે છે.
- ગ્રામ્ય/શહેરી વિસ્તારનાં લોકોને રીક્ષા / ગામ આગેવાનો દવારા આ અંગેની અગમચેતીનાં પગલા લેવા માટે વહીવટી તંત્ર દવારા સુચના આપવામાં આવે છે
- જિલ્લાનાં ડેમ ઓવરફલો થાય ત્યારે સિંચાઇ વિભાગનાં અધિકારીશ્રીઓ સાથે સતત સંપર્કમાં રહી, નીચાણવાળા વિસ્તારો/ગામો/શહેરોમાં લોકો /પશુઓની અવરજવર ન થાય તે અંગેની ચેતવણી સંદેશ બહાર પાડી લગત અધિકારીશ્રી/કર્મચારીશ્રી દવારા અમલવારી કરવા માટે લેખિત/વાયરલેસ મેસેજ /ટેલીફોન દવારા અત્રેથી તુર્ત જ જાણ કરવામાં આવે છે. અને આ અંગે જિલ્લા લેવલેથી સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

- **જાહેરતંત્રનું મિશન.**

ચોમાસા દરમ્યાનની આપત્તિ અંગે તાકીદની તૈયારી અને સંભવીત અથવા ખરેખર આપત્તિને અથવા અસરોને પહોંચી વળવા જાહેર સંસ્થાઓ,જાહેર જનતા પાસેથી રાહત એકત્રીત કરવી,સંગઠીત કરવા અને અસરગ્રસ્ત લોકોને રાહત સામગ્રી પુરી પાડવા તૈયારી કરવી.જીલ્લા,તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ આપત્તિનો સામનો કરવા માટે વિવિધ પ્રકારના પ્લાનો તૈયાર કરવા.

- **જાહેરતંત્રની ફરજો :–**

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ–૨૦૦૪ હેઠળ કલેકટરની સત્તા અને કાર્યો. કોઈ વિસ્તાર અસરગ્રસ્ત વિસ્તાર હોય તે મુદત દરમ્યાન કલેકટરશ્રી અસરગ્રસ્ત વિસ્તારમાં આપત્તિ વ્યવસ્થાપન યોજનાનુસાર તાકીદની રાહત પુરી પાડવા માટે સરકારશ્રીના વિભાગનાં અધિકારીશ્રીઓને અને સ્થાનિક સત્તા મંડળોને આદેશ આપી શકે છે.

કલેકટરશ્રી નીચેના કાર્યો કરી શકશે.

- પ્રાપ્ત સ્ત્રોત છુટો કરવો અને ઉપયોગની ગોઠવણ કરવી.
- આપત્તિથી અસરગ્રસ્ત વિસ્તાર તરફના તેમાંથી અને તેની અંદરના ટ્રાફીકનું નિયંત્રણ અને પ્રતિબંધ મુકવાની કામગીરી.
- કોઈપણ આપત્તિગ્રસ્ત વિસ્તાર અથવા તેના ભાગમાં પ્રવેશવા,તેની અંદર અવર જવર કરવા ઉપર નિયંત્રણ અને પ્રતિબંધના આદેશ બહાર પાડવા.કાટમાળ દુર કરવાના.
- શોધખોળ અને બચાવ કામગીરી કરવાના.
- બીન વારસી મૃતદેહોનો નિકાલ અને યોગ્ય રીતે ગોઠવણ કરવી.
- વૈકલ્પીક આશ્રય પુરો પાડવો.
- ખોરાક,દવાઓ અને બીજી જરુરી ચિજવસ્તુઓ પુરી પાડવી.
- આપત્તિ સાથે સંકળાયેલ ક્ષેત્રોના તજજ્ઞો અને સલાહકારોને તેમની દોરવણી અને તેમની દેખરેખ હેઠળ રાહત કાર્યો કરાવવા અને ફરમાવવા.
- ઠરાવવામાં આવે તેવી બોલી અને શરતોએ કોઈ મિલ્કત,વાહન,સાધનો,મકાનો અથવા સંદેશા વયવહારના સાધનોનો કબજો લેવો અને તેનો ઉપયોગ કરવો.
- જરુર પડયે તેમ અને ત્યારે સુવિધાઓના ખાસ અને અગ્રતા ક્રમ મુજબ ઉપયોગ કરવાના.
- કામચલાઉ પુલો અને બીજા જરુરી માળખા બાંધવાના.
- જાહેર જનતાને જોખમમાં મુકે તેવા અસલામત માળખા તોડી પાડવાના.
- બીનસરકારી સંગઠનોનું સંકલન કરવાના અને તેઓની પ્રવૃતિ વ્યાજબી રીતે ચલાવે તે સુનિશ્ચિત કરવાના.
- આપત્તિ તજવીજ કરવા અંગે ની માહીતીનો જાહેર જનતામાં પ્રચાર કરવાના.
- જાનમાલ બચાવવાના હેતુ માટે કોઈ આપત્તિગ્રસ્ત વિસ્તારમાંથી તમામ વસ્તી અથવા તેના કોઈ ભાગને સ્થળાંતર કરવા માટે ફરમાવવાના અને ફરજ પાડવાના અને આવો વિસ્તાર ખાલી કરાવવા માટે વ્યાજબી પ્રમાણમાં બળનો ઉપયોગ ક રવાના.
- પોતે એમ જરુરી કરે કે જાનમાલ અને મિલ્કત બચાવવા માટે એવુ પગલુ જરુરી છે અને કોઈ બારણા,દરવાજા અથવા આડશનો માલીક અથવા ભાડુત ગેરહાજર છે અથવા હાજર હોવા છતા તે ખોલવાનો ઈન્કાર કરે છે તેવા કોઈ સ્થળમાં પ્રવેશીને એવુ કોઈ બારણું, દરવાનો અથવા આડશ ખોલવા,ખોલાવવા કોઈ વ્યકિતને અધિકૃત કરવાના.
- ચોમાસા દરમ્યાનની આપત્તિ અટકાવવા માટે અથવા તેની અસરો ઓછી કરવા માટે અથવા તેવી અસરોને પહોંચી વળવા માટેની તૈયારી માટેના કાર્યો ઠરાવવામાં આવે તે માર્ગદર્શન કરવામાં આવે તે સુનિશ્ચિ્ત કરવું જોઇએ.
- પુર્વ ચેતવણી અને તૈયારીની સ્થિતી જેવા આપત્તિ વ્યવસ્થાપનના પાસાને લગતી માહીતી સત્તા મંડળને પુરી પાડવી.
- જીલ્લાના અધિકારીઓ આપત્તિ વ્યવસ્થાપનની તજવીજ કરવા માટે જાણકારી મેળવે તે બાબતે સુનિશ્ચિ્ત કરવી જોઈએ.
- જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવામાં આવે, સુધારવામાં આવે, અદ્યાવત કરવામાં આવે તે બાબત સુનિશ્ચિ્ત કરવી જોઈએ.
- જીલ્લામાં આપત્તિ પહેલાની અને પછીની વ્યવસ્થાપન પ્રવૃતિઓને સરળ બનાવશે.અને તે બાબતે સુનિશ્ચિ્ત કરવા માટે સ્થાનિક સંસ્થાઓ સાથે સંકલન કરવું જોઈએ.
- સ્થાનિક તંત્ર બીન સરકારી સંગઠનો અને ખાનગી ક્ષેત્રની મદદથી સમુદાય તાલીમ જાગૃતિ તાલીમ કાર્યક્રમ અને તાકીદની સવલતો સ્થાપવાનું સરળ બનાવવું જોઈએ.
- ચોમાસા દરમ્યાનની આપત્તિ વ્યવસ્થાપનને લગતી બાબતો પર આંતર વિભાગીય સંકલન સ્થાપવું જોઈએ.
- તાકીદની યોજનાઓ,આકસ્મિક યોજનાઓ અને માર્ગદર્શીકાઓની સમીક્ષા કરવી જોઈએ.
- ચોમાસા દરમ્યાનની આપત્તિને પહોંચી વળવા માટે વ્યુહરચના વિકસાવવા જીલ્લામાંના સ્થાનિક સત્તામંડળો

સંકળાયેલ હોય તે બાબત સુનિશ્ચિત કરવી જોઈએ.

• આપત્તિ વ્યવસ્થાપન પ્રવૃતિઓ અને આયોજન વચ્ચે સુમેળ છે તે બાબત સુનિશ્ચિત કરવી જોઈએ.

• સંદેશા વ્યવહાર તંત્ર કાર્યરત છે તે બાબત સુનિશ્ચિત કરવી જોઈએ.

• આપત્તિ વ્યવસ્થાપનને લગતા અગ્નિ સામક સાધનો અને બીજી સાધન સામગ્રી ઉપયોગ માટે તૈયાર હોય તે રીતે જાળવવામાં આવે છે તે બાબતે સુનિશ્ચિત કરવી જોઈએ.

• આપત્તિ વયવસ્થાપન કવાયતો સમયાંતરે કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવી જોઈએ.

• પુર્નનિર્માણ અને પુર્નવસન માટેના પ્રયાસોની પ્રગતિ અને પરિણામ દેખરેખ નિયંત્રણ કરવામાં સત્તા મંડળને સહાય કરવી જોઈએ.

• રાજય સરકાર,સત્તામંડળ અને કમિશ્નર દ્વારા સોંપવામાં આવે તેવી સત્તા વાપરવી જોઈશે અને તેવા કાર્યો બજાવવા જોઈશે.

**જાહેરતંત્રની મુખ્ય પ્રવૃતિ અને કાર્યો.**

– ચોમાસા દરમ્યાનની વખતે લોકોના જાનમાલને ઓછામાં ઓછું નુકશાન થાય તે માટે જીલ્લાના વહીવટી તંત્ર સાથે સંકલન કરી પ્રથમ આપત્તિને અનુરુપ સર્વેની કામગીરી કરવાનું

– સરકારશ્રીના વિવિધ ઠરાવો પરિપત્રો,પેકેજો અનુસાર પુર્નવસન કામગીરી માટે બચાવ અને રાહત કાર્યો અને સહાય પુરી પાડવા માટે જીલ્લાના અન્ય વિભાગો સાથે રહીને કામગીરી કરવાની રહે છે.

– જાહેરતંત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ કુદરતી આપત્તિ વખતે વહીવટી તંત્રના સહયોગથી તાત્કાલીક અસરથી પ્રથમ કેશડોલ્સ,ઘરવખરી સહાય,ચુકવવામાં આવે છે. ત્યાર બાદ તાબાની કચેરીઓ મારફતે સર્વેની કામગીરી કરાવી અને સરકારશ્રીના નિતી નિયમોનુસાર રાહત ચુકવવાની કામગીરી કરવામા આવે છે.

**જાહેર તંત્રના રાજય નિયામકશ્રી, પ્રદેશ,જીલ્લો,બ્લોક વિ. સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ.**




– જાહેરતંત્રની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટે લોકો પાસેથી અપેક્ષા.

ચોમાસા દરમ્યાનની આપત્તનો વ્યાપ ઓછો કરવા પ્રતિભાવ,ચેતવણી,તાકીદની કામગીરી,સ્થળાંતર અને સ્થિતી રાબેતા મુજબ કરવા માટે લોકો પાસેથી સહયોગની અપેક્ષા રાખવામાં આવે છે.

– લોક સહયોગ મેળવવા ગોઠવણ અને પધ્ધતિઓ.

ચોમાસા દરમ્યાનની  આપત્તિ વખતે લોક સહયોગ મેળવવા માટે સ્વૈચ્છીક સંસ્થા દ્રારા અને ગુજરાત રાજય આપત્તિ અને વ્યવસ્થાપન મંડળ દ્રારા લોકોને કુદરતી આપત્તિની પુર્વ તૈયારી માટે સેમિનાર અને તાલીમનું ગોઠવણ કરવામાં આવે છે.

– સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરીયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર.

ચોમાસા દરમ્યાનની આપત્તિ સમયે શહેરી વિસ્તાર માટે જીલ્લા કક્ષાએ કલેકટરશ્રી, તાલુકા કક્ષાએ મામલતદારશ્રી, સમક્ષ રજુઆત કરી શકાય છે. ગ્રામ્ય વિસ્તાર માટે જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્રારા તાલુકા વિકાસ અધિકારીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવે છે.

**કચેરી શરુ થવાનો સમય :– સવારના ૧૦–૩૦ કલાકે.**
**કચેરી બંધ થવાનો સમય :– સાંજના ૧૮–૧૦ કલાકે.**